જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કુલ-૦૬ નવી કચેરીઓ કચ્છ(અંજાર), અમદાવાદ શહેર(પૂર્વ), વડોદરા (ગ્રામ્ય), રાજકોટ(ગ્રામ્ય), સુરત(ગ્રામ્ય) તથા ગાંધીનગર(ગ્રામ્ય)ના મંજૂર મહેકમ તથા શાળાઓની વહેંચણી બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2024/3158/L - Services

સચિવાલય, ગાંધીનગર

તા: ૧૩/૦૭/૨૦૨૬

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૧૯/૧૧/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2024/3158/L

(૨) કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર તારીખ ૨૦/૦૫/૨૦૨૬નો પત્ર ક્રમાંક: COS/mis/e-file/276/2026/0768/Establishment

(3) કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર તારીખ ૦૬/૦૭/૨૦૨૬નો પત્ર ક્રમાંક: મકવ/મ.3/વિભાજન/૨૦૨૬/૭૭૧૬-૧૭

<u>આમુખ:</u>

શિક્ષણ વિભાગના તારીખ ૧૯/૧૧/૨૦૨૫ના વંચાણે લીધેલ ક્રમ (૧)ના ઠરાવથી અમદાવાદ (શહેર), ગાંધીનગર, વડોદરા, કચ્છ-ભૂજ, રાજકોટ અને સુરત જિલ્લા ખાતે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનું વિભાજન થતા નવી કચેરીની વૈકલ્પિક બેઠક વ્યવસ્થા તથા બંને કચેરીઓમાં મહેકમની વ્યવસ્થા મંજુર કરવામાં આવેલ .

ત્યારબાદ આ કચેરીઓના કાર્યક્ષેત્ર બાબતે મળેલ વિવિધ રજૂઆતોને ધ્યાને લેતા, કચેરીઓના કાર્યક્ષેત્ર અને શાળાઓની વહેંચણી બાબતે એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. કમિશનર શાળાઓની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમ(૨) પરના પત્રથી વિભાજન થયેલી કચેરીઓ હેઠળ આવતી શાળાઓની સંખ્યા, શાળાનું નામ અને તેના ઇન્ડેક્ષ નંબર સહિતની આખરી યાદી તથા વંચાણે લીધા ક્રમ(3) પરના પત્રથી સદર કચેરીઓના મહેકમ બાબતે અત્રે વિગતો મોકલી આપેલ છે.

સમિતિના અહેવાલ તથા કમિશનર શાળાઓની કચેરીનો ઉક્ત પત્રોની વિગતો ધ્યાને લઇ વંચાણે લીધેલ તા. ૧૯-૧૧-૨૦૨૫ના ઠરાવમાં શાળાઓની વહેંચણી તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના મહેકમ બાબતે જરૂરી ફેરફાર કરવા બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, સમિતિના અહેવાલ અને કમિશનર શાળાઓની કચેરીની દરખાસ્ત અન્વયે, તા. ૧૯-૧૧-૨૦૨૫ના મૂળ ઠરાવમાં દર્શાવેલ શાળાઓની વહેંચણી તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના વિભાજન થતા બંને કચેરીઓમાં ફાળવવાના થતા મહેકમ બાબતે હવે નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહેશે.

## (1) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, કચ્છ:

➢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું વિભાજન થતા શાળાઓની વિગત દર્શાવતું પત્રક:-

| ક્રમ | જિલ્લાનું નામ | શાળાની સંખ્યા | વિભાજન થતા શાળાઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | અંજાર (પૂર્વ) | કચ્છ-ભુજ (પશ્ચિમ) |
| ૧ | કચ્છ | ૬૩૮ | ૨૯૮ | ૩૪૦ |

➢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,કચ્છ-ભુજનું વિભાજન થતા બંને કચેરીમાં ફાળવવાનું થતું મહેકમ

| જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું મંજુર મહેકમ | | | | કચેરીનું વિભાજન થતા બંને કચેરીનું મંજુર મહેકમ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જગ્યાનું નામ | સંવર્ગ | મંજુર જગ્યા | જિ.શિ.અ.ની કચેરી, અંજાર (પૂર્વ) | જિ.શિ.અ.ની કચેરી, કચ્છ-ભુજ (પશ્ચિમ ) |
| ૧ | જિલ્લા શિક્ષણાધિકારી | વર્ગ-૧ | ૨ | ૧ | ૧ |
| ૨ | શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૨ | ૪ | ૨ | ૨ |
| ૩ | હિસાબી અધિકારી | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૪ | વહીવટી અધિકારી | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૩ | ૮ | ૪ | ૪ |
| ૬ | ઓડીટર ગ્રુપ-૧ | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| ૭ | મુખ્ય કારકુન | વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૮ | શ્રેયાન કારકુન | વર્ગ-૩ | ૧૦ | ૫ | ૫ |
| ૯ | કનિયાન કારકુન | વર્ગ-૩ | ૬ | ૩ | ૩ |
| ૧૦ | પટાવાળા | વર્ગ-૪ | ૫ | ૨ | ૩ |
| | કુલ જગ્યા | | ૩૯ | ૧૮ | ૨૧ |

## (૨) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ (શહેર)

➢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું વિભાજન થતા શાળાઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | શાળાની સંખ્યા | વિભાજન થતા શાળાઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | અમદાવાદ શહેર (પૂર્વ) | અમદાવાદ શહેર (પશ્ચિમ) |
| ૧ | અમદાવાદ શહેર | ૨૩૭૪ | ૧૪૮૩ | ૮૯૧ |

➢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ શહેરનું વિભાજન થતા બંને કચેરીમાં ફાળવવાનું થતું મહેકમ

| | જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું મંજુર મહેકમ | | | કચેરીનું વિભાજન થતા બંને કચેરીનું મંજુર મહેકમ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જગ્યાનું નામ | સંવર્ગ | મંજૂર જગ્યા | અમદાવાદ શહેર (પૂર્વ) | અમદાવાદ શહેર (પશ્ચિમ) |
| ૧ | જિલ્લા શિક્ષણાધિકારી | વર્ગ-૧ | ૨ | ૧ | ૧ |
| ૨ | શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૨ | ૧૦ | ૬ | ૪ |
| ૩ | શિક્ષણ નિરીક્ષક(FRC) | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૪ | હિસાબી અધિકારી | વર્ગ-૨ | ૨ | ૧ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | વહીવટી અધિકારી | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૬ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૩ | ૧૯ | ૧૨ | ૭ |
| ૭ | ઓડીટર ગૃપ-૧ | વર્ગ-૩ | ૩ | ૧ | ૨ |
| ૮ | મુખ્ય કારકુન | વર્ગ-૩ | ૬ | ૩ | ૩ |
| ૯ | શ્રેયાન કારકુન | વર્ગ-૩ | ૧૪ | ૮ | ૬ |
| ૧૦ | કનિયાન કારકુન | વર્ગ-૩ | ૧૧ | ૭ | ૪ |
| ૧૧ | પટાવાળા | વર્ગ-૪ | ૯ | ૫ | ૪ |
| | કુલ જગ્યા | | ૭૮ | ૪૪ | ૩૪ |

## (૩) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા :

➢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું વિભાજન થતા શાળાઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | શાળાની સંખ્યા | વિભાજન થતા શાળાઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | વડોદરા (ગ્રામ્ય) | વડોદરા (શહેર) |
| ૧ | વડોદરા | ૯૬૯ | ૩૦૫ | ૬૬૪ |

➢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,વડોદરાનું વિભાજન થતાં બંને કચેરીમાં ફાળવવાનું થતું મહેકમ

| જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું મંજુર મહેકમ | | | | કચેરીનું વિભાજન થતા બંને કચેરીનું મંજુર મહેકમ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જગ્યાનું નામ | સંવર્ગ | મંજુર જગ્યા | વડોદરા (ગ્રામ્ય) | વડોદરા (શહેર) |
| ૧ | જિલ્લા શિક્ષણાધિકારી | વર્ગ-૧ | ૨ | ૧ | ૧ |
| ૨ | શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૨ | ૬ | ૨ | ૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | શિક્ષણ નિરીક્ષક(FRC) | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૪ | હિસાબી અધિકારી | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૫ | વહીવટી અધિકારી | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૬ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૩ | ૧૩ | ૫ | ૮ |
| ૭ | ઓડીટર ગૃપ-૧ | વર્ગ-૩ | ૨ | ૧ | ૧ |
| ૮ | મુખ્ય કારકુન | વર્ગ-૩ | ૩ | ૧ | ૨ |
| ૯ | શ્રેયાન કારકુન | વર્ગ-૩ | ૭ | ૨ | ૫ |
| ૧૦ | કનિયાન કારકુન | વર્ગ-૩ | ૭ | ૩ | ૪ |
| ૧૧ | પટાવાળા | વર્ગ-૪ | ૬ | ૨ | ૪ |
| | કુલ જગ્યા | | ૪૯ | ૧૭ | ૩૨ |

## (૪) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ગાંધીનગર

➢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું વિભાજન થતાં શાળાઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | શાળાની સંખ્યા | વિભાજન થતા શાળાઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | ગ્રામ્ય | શહેર |
| ૧ | ગાંધીનગર | ૫૧૭ | ૨૮૮ | ૨૨૯ |

➢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ગાંધીનગરનું વિભાજન થતાં બંને કચેરીમાં ફાળવવાનું થતું મહેકમ

| જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું મંજુર મહેકમ | | | | કચેરીનું વિભાજન થતા બંને કચેરીનું મંજુર મહેકમ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જગ્યાનું નામ | સંવર્ગ | મંજુર જગ્યા | ગાંધીનગર (ગ્રામ્ય) | ગાંધીનગર (શહેર) |
| ૧ | જિલ્લા શિક્ષણાધિકારી | વર્ગ-૧ | ૨ | ૧ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૨ | ૫ | ૩ | ૨ |
| ૩ | શિક્ષણ નિરીક્ષક(FRC) | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૪ | હિસાબી અધિકારી | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૫ | વહીવટી અધિકારી | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૬ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૨ | ૧૧ | ૬ | ૫ |
| ૭ | ઓડીટર ગૃપ-૧ | વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૮ | મુખ્ય કારકુન | વર્ગ-૩ | ૨ | ૧ | ૧ |
| ૯ | શ્રેયાન કારકુન | વર્ગ-૩ | ૮ | ૪ | ૪ |
| ૧૦ | કનિયાન કારકુન | વર્ગ-૩ | ૬ | ૩ | ૩ |
| ૧૧ | પટાવાળા | વર્ગ-૪ | ૫ | ૧ | ૪ |
| | કુલ જગ્યા | | ૪૩ | ૧૯ | ૨૪ |

## (૫) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, રાજકોટ :

➢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનુ વિભાજન થતા શાળાઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લાનુ નામ | શાળાની સંખ્યા | વિભાજન થતા શાળાઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | ગ્રામ્ય | શહેર |
| ૧ | રાજકોટ | ૧૫૫૮ | ૫૯૭ | ૯૬૧ |

➢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, રાજકોટનું વિભાજન થતાં બંને કચેરીમાં ફાળવવાનું થતું મહેકમ

| જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું મંજુર મહેકમ | | | | કચેરીનું વિભાજન થતા બંને કચેરીનું મંજુર મહેકમ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જગ્યાનું નામ | સંવર્ગ | મંજુર જગ્યા | રાજકોટ (ગ્રામ્ય) | રાજકોટ (શહેર) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા શિક્ષણાધિકારી | વર્ગ-૧ | ૨ | ૧ | ૧ |
| ૨ | શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૨ | ૭ | ૨ | ૫ |
| ૩ | શિક્ષણ નિરીક્ષક(FRC) | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૪ | હિસાબી અધિકારી | વર્ગ-૨ | ૨ | ૧ | ૧ |
| ૫ | વહીવટી અધિકારી | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૬ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૩ | ૧૬ | ૬ | ૧૦ |
| ૭ | ઓડીટર ગૃપ-૧ | વર્ગ-૩ | ૨ | ૧ | ૧ |
| ૮ | મુખ્ય કારકુન | વર્ગ-૩ | ૫ | ૨ | ૩ |
| ૯ | શ્રેયાન કારકુન | વર્ગ-૩ | ૯ | ૩ | ૬ |
| ૧૦ | કનિયાન કારકુન | વર્ગ-૩ | ૧૧ | ૪ | ૭ |
| ૧૧ | પટાવાળા | વર્ગ-૪ | ૭ | ૩ | ૪ |
| | કુલ જગ્યા | | ૬૩ | ૨૩ | ૪૦ |

## (૬) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત :

- જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું વિભાજન થતા શાળાઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | શાળાની સંખ્યા | વિભાજન થતા શાળાઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | ગ્રામ્ય | શહેર |
| ૧ | સુરત | ૧૮૦૦ | ૩૭૮ | ૧૪૨૨ |

- જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરતનું વિભાજન થતાં બંને કચેરીમાં ફાળવવાનું થતું મહેકમ

| જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું મંજુર મહેકમ | | | | કચેરીનું વિભાજન થતા બંને કચેરીનું મંજુર મહેકમ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જગ્યાનું નામ | સંવર્ગ | મંજુર જગ્યા | સુરત (ગ્રામ્ય) | સુરત (શહેર) |
| ૧ | જિલ્લા શિક્ષણાધિકારી | વર્ગ-૧ | ૨ | ૧ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૨ | ૭ | ૨ | ૫ |
| ૩ | શિક્ષણ નિરીક્ષક(FRC) | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૪ | હિસાબી અધિકારી | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ |
| ૫ | વહીવટી અધિકારી | વર્ગ-૨ | ૧ | ૦ | ૧ |
| ૬ | કનિયાન અધિક્ષક | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ |
| ૭ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક | વર્ગ-૩ | ૨૧ | ૭ | ૧૪ |
| ૮ | ઓડીટર ગૃપ-૧ | વર્ગ-૩ | ૨ | ૧ | ૧ |
| ૯ | મુખ્ય કારકુન | વર્ગ-૩ | ૪ | ૧ | ૩ |
| ૧૦ | શ્રેયાન કારકુન | વર્ગ-૩ | ૧૦ | ૨ | ૮ |
| ૧૧ | કનિયાન કારકુન | વર્ગ-૩ | ૧૧ | ૪ | ૭ |
| ૧૨ | પટાવાળા | વર્ગ-૪ | ૬ | ૩ | ૩ |
| | કુલ જગ્યા | | ૬૭ | ૨૩ | ૪૪ |

## ઉક્ત કચેરીઓના કાર્યક્ષેત્ર બાબતે નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહેશે.

- "Municipal Corporation"ની હદમાં આવેલી હોય અને ટેક્સ ભરતી હોય, તેવી શાળાઓનો સમાવેશ **'શહેર'** કચેરી હસ્તક કરવો તથા "Municipal Corporation" હદ બહારની શાળાઓનો સમાવેશ **'ગ્રામ્ય'** કચેરી હસ્તક કરવો.
- મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં Municipal Corporation ની હદમાં આવતી સરકારી, અનુદાનિત(ગ્રાન્ટેડ), સ્વનિર્ભર(ખાનગી) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, અનુદાનિત(ગ્રાન્ટેડ) પ્રાથમિક શાળાઓ, ખાનગી પ્રાથમિક શાળાઓ 'શહેર' કચેરી હસ્તક તથા Municipal Corporation હદ બહારની સરકારી, અનુદાનિત(ગ્રાન્ટેડ), સ્વનિર્ભર(ખાનગી) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, અનુદાનિત(ગ્રાન્ટેડ) પ્રાથમિક શાળાઓ, નગર શિક્ષણ સમિતિ અસ્તિત્વ ધરાવતી હોય તેવા શહેર વિસ્તારની ખાનગી પ્રાથમિક શાળાઓ 'ગ્રામ્ય' કચેરી હસ્તક સમાવવાની રહેશે.
- **અમદાવાદ શહેરના વિભાજનમાં** સાબરમતી નદીને સીમારેખા ગણી નદીના **પૂર્વ વિસ્તાર**ની શાળાઓ જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ(શહેર-પૂર્વ) અને **પશ્ચિમ વિસ્તાર**ની શાળાઓ જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ(શહેર-પશ્ચિમ) હસ્તક રહેશે.

- **કચ્છનું વિભાજન** : સરકારી, અનુદાનિત(ગ્રાન્ટેડ), સ્વનિર્ભર(ખાનગી) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા અનુદાનિત(ગ્રાન્ટેડ) પ્રાથમિક શાળાઓ, નગર શિક્ષણ સમિતિ અસ્તિત્વ ધરાવતી હોય તેવા શહેર વિસ્તારની ખાનગી પ્રાથમિક શાળાઓ માટે તાલુકા મુજબ વિભાજન કરેલ છે. જેમાં **(અંજારની કચેરી):** અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપર તાલુકા તથા **(ભુજની કચેરી):** ભુજ, માંડવી, મુંદ્રા, નખત્રાણા,અબડાસા, લખપત તાલુકાનો સમાવેશ થાય છે.
- ભવિષ્યમાં જો મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં ફેરફાર થાય, તો તે મુજબ શાળાઓના કાર્યક્ષેત્રમાં આપોઆપ ફેરફાર થશે.

> **ઉપરાંત, સદર કચેરીઓના કાર્યક્ષેત્ર હેઠળની શાળાઓની યાદી એનેક્ષર-૧ તરીકે આ સાથે સામેલ રાખેલ છે.**

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.શિ./ટે.શિ)ની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(કિન્નરી આર.શાહ)**
**ઉપ સચિવ**
**શિક્ષણ વિભાગ**

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા.શિ/મા.શિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.શિ. અને ટે.શિ.)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.

- નિયાકમશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, બ્લોક નં.૧૨/૩, ડૉ..જીવરાજ મહેતા ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર-૧૨, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠય પુસ્તક મંડળ, સેકટર-૧૦, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (કમિશનર શાળાઓની કચેરી મારફત)
- શાખા સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.